**IMPORTANT**

ક્રમાંક : જલબ–૧૦૨૦૧૪–૨૧૪૪૦૬–ડી
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 25 MAR 2014

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
જામનગર.

વિષય : **<u>આંતર જિલ્લા ફેરબદલી બાબત.</u>**
શ્રી વશરામભાઈ લખમણભાઈ પટેલ–ગ્રામ પંચાયત મંત્રી
જિલ્લા પંચાયત જામનગરથી બનાસકાંઠા.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય અંગેના આપના તા.૧૩–૩–૨૦૧૪ ના પત્ર ક્રમાંક : મહેકમ/૨/વર્ક/૧૨૧૨–૧૫/૨૦૧૪ થી મોકલવામાં આવેલ દરખાસ્ત અન્વયે જણાવવાનું કે, શ્રી વશરામભાઈ લખમણભાઈ પટેલની પૂરા પગારથી નિયમિત નિમણૂંકની તા.૩–૧–૨૦૧૩ છે. આથી, આંતર જિલ્લા ફેરબદલી અંગેના પ્રવર્તમાન નિયમો અનુસાર નિયમિત નિમણૂંકની તારીખથી ૩(ત્રણ) વર્ષની સેવા પૂર્ણ થતી ન હોઈ, બદલી અંગેની વિચારણા થઈ શકે તેમ ન હોવાથી સદરહુ દરખાસ્ત પરત કરવામાં આવે છે. શ્રી વશરામભાઈ લખમણભાઈ પટેલ બદલી અંગેની પાત્રતા પ્રાપ્ત કરે ત્યારે જ વિગતવાર અદ્યતન દરખાસ્ત રજૂ કરવા વિનંતી છે. વધુમાં આંતર જિલ્લા ફેરબદલી અંગેના પ્રવર્તમાન નિયમો–ગુજરાત પંચાયત સેવા (નોકરોની બદલી) નિયમો–૧૯૯૫ અનુસાર નિયમિત નિમણૂંકની તારીખથી ૩(ત્રણ) વર્ષની સેવા પૂર્ણ થતી ન હોય તેવી દરખાસ્ત હવે પછી રજૂ નહી કરવા જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

**( સી.ટી.પટેલ )**
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

બિડાણ : ઉપર મુજબ

**<u>નકલ રવાના :–</u>**

- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,બનાસકાંઠા.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી...**(સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીને જાણ કરી ઉપર્યુકત સૂચનાનો ચુસ્તપણે અમલ કરવા સારૂ.)**
- સિલેકટ ફાઈલ.